હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૮૫, વર્ષ : ૩૭, અંક : ૧૪
૧૬-જુલાઈ, ૨૦૨૬

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

વિદ્યાર્થીઓમાં પરમ શ્રદ્ધા રાખવી તે શિક્ષક હોવાની અનિવાર્ય શરત છે, તે જ રીતે શિક્ષણમાં વિશ્વાસ રાખવો તે વિદ્યાર્થી હોવાની અનિવાર્ય શરત છે. આ બંને શરતોને અનુસરાય તો જ જ્ઞાનનું ક્ષેત્ર નિરંતર વધુને વધુ ઉજ્જવળ બનતું રહે.

**ડૉ. રાધાકૃષ્ણન્**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

વેકેશનની પૂર્ણતા થઈ અને નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે યુનિવર્સિટી, કૉલેજના શાંત અને સૂનાં થયેલા ભવનોમાં નવી આશા, નવી ચેતના, નવા ઉમંગ, નવા જોશ સાથે ભવિષ્ય ઘડતર કરી ભાવિ જીવનને ઉન્નત બનાવવાના સ્વપ્નાં સાથે ઉચ્ચ શિક્ષણ મેળવવા વિદ્યાર્થીઓ હર્ષભેર જોડાશે. નવું શૈક્ષણિક વર્ષ એ માત્ર કેલેન્ડરનું એક પાનું બદલાવવું માત્ર નથી, પરંતુ વિદ્યાર્થીઓ અધ્યાપકો અને સમગ્ર શૈક્ષણિક સંસ્થાઓ માટે એક નવીન ઊર્જા, આશા અને નવી તકોનો પ્રારંભ છે. યુનિવર્સિટીએ દેશની આવતીકાલ ઉજ્જવળ બનાવવા યુવા પેઢીમાં જ્ઞાનનું વિતરણ કરવાના મુખ્ય કાર્યમાં સહાયરૂપ થવાનું છે.

નવા નવા સંશોધનો થકી જ્ઞાનની નવી ક્ષિતિજોના દ્વાર ખોલી ભૂત, વર્તમાન અને ભવિષ્ય સાથે તાલમેલ મેળવવાના કાર્યની સાથે વિવિધ પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ કરી જ્ઞાનનું પ્રસારણ કરવું. આજની યુવા પેઢીના મનમાં ઉદ્‌ભવતા વિચારોને સમજવાની અને તેમની સમસ્યાઓના ઉકેલ માટે રાહ ચીંધવાની અને ભવિષ્યમાં સમાજના વિકાસ અને પરિવર્તન માટે નેતૃત્વ પૂરું પાડવાના ગુણોનું સિંચન કરવાની જવાબદારી શૈક્ષણિક સંસ્થાઓએ નિભાવવી રહી.

શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા શિક્ષણવિદ્દો દ્વારા શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવું શિક્ષણ આપે, તો વિદ્યાર્થીએ પણ પોતાના ગુરુજન પ્રત્યે 'આચાર્ય દેવો




ભવઃ' એ મંત્ર આત્મસાત કરી જ્ઞાન મેળવવું રહ્યું. બાલ્યકાળથી જીવનપર્યંત શીખતા રહેવું એ શિક્ષણની સાચી વ્યાખ્યા છે. નિરંતર શિક્ષણ દ્વારા સામાન્ય વ્યક્તિ જીવનમાં અસાધારણ સફળતા હાંસલ કરી શકે છે. શિક્ષણનો એકમાત્ર ઉદ્દેશ્ય એ છે કે, મૂલ્યવાન, શીલવાન, આશાવાદી, કોઠાસૂઝ ધરાવતા માણસોનું સર્જન કરવું. શિક્ષણનું કામ ચારિત્ર્ય નિર્માણ કરવાનું છે.

ચારિત્ર્ય નિર્માણથી એક સશક્ત સમાજ સુરક્ષિત રાષ્ટ્રનું નિર્માણ થાય. નવા શૈક્ષણિક વર્ષે વિદ્યાર્થીઓ જ્ઞાનની સાથે ચારિત્ર્ય નિર્માણ થકી દેશ માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપે. ઉચ્ચકોટિના સંશોધનો થકી વિશ્વફલક ઉપર રાષ્ટ્રનું નામ ગુંજતું કરે તે જ અભ્યર્થના.

તા. ૧૬-૦૭-૨૦૨૬
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# પીએચ.ડી.

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 01. | **Parmar Dilipkumar K.** | उत्तरशती के उपन्यासों में 'दलित विमर्श' | **ARTS** HINDI | **Dr. Jayantibhai M. Chaudhari** Smt. C.C. Mahila Arts & Sheth C.N. Commerce College, Visnagar. |
| 02. | **Parmar Jaydipsinh S.** | રાજપૂત પરમાર સમાજમાં સ્ત્રીનું સામાજિક સ્થાન એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (મહેસાણા જીલ્લાના સતલાસણા અને બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકાઓના સંદર્ભમાં) | **ARTS** SOCIOLOGY | **Dr. S. S. Gamit** S.B. Mahila Arts College, Himatnagar. |
| 03. | **Parmar Jignasha J.** | ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીલેખિકાઓની નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ | **ARTS** GUJARATI | **Dr. B.S. Patel** P.S. Science and H.D. Patel Arts College, Kadi. |
| 04. | **Parmar Shitalben D.** | ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર ઓનલાઇન શિક્ષણની અસરનો અભ્યાસ | **EDUCATION** EDUCATION | **Dr. Shantaben H. Patel** Revaba Sarvajanik Education College, Mehsana. |
| 05. | **Parmar Sumitkumar M.** | સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત ગુજરાતી કાવ્ય સંગ્રહો (૧૯૬૩ થી ૧૯૯૪)નો અભ્યાસ | **ARTS** GUJARATI | **Dr. Kanaiyalal I. Patel** Mahila Arts College Vidhyanagar, Himanagar. |
| 06. | **Parmar Yogeshkumar C.** | The Orient in Select Works of William Shakespeare : A Study | **ARTS** ENGLISH | **Dr. Tapas Chakrabarti** Dept. of English, HNGU, Patan. |
| 07. | **Patel Anitaben K.** | A Study of Adjustment and Emotional Regulation of Students Studying in Secondary School | **EDUCATION** EDUCATION | **Dr. Pathik D. Barot** Swami Vivekanand Sarvodaya Bank Education College, Mehsana. |
| 08. | **Patel Bharatkumar P.** | સમાજશાસ્ત્રીય અભિગમના સંદર્ભે ગુજરાતી નવલકથાઓ : એક અભ્યાસ (રઘુવીર ચૌધરી, કિશોરસિંહ સોલંકી, કેશુભાઇ દેસાઇ અને યોગેશ જોશીની પસંદગીની કૃતિઓના સંદર્ભે) | **ARTS** GUJARATI | **Dr. Ganpat C. Sodhaparmar** C.N. Arts and B.D. Commerce College, Kadi. |
| 09. | **Patel Dhirajkumar M.** | 'સત્યના પ્રયોગો' આત્મકથા, 'ગાંધી' ચિત્રપટ અને 'સત્ય' નવલકથા - તુલનાત્મક અભ્યાસ | **ARTS** GUJARATI | **Dr. J.C. Patel** H.P. Arts and Commerce College, Talod. |
| 10. | **Patel Dixitkumar N.** | ગુજરાતી સાહિત્યનાં રેખાચિત્રો : એક અભ્યાસ | **ARTS** GUJARATI | **Dr. Amrutbhai Patel** D.N.P. Arts and Commerce College, Deesa. |
| 11. | **Patel Jankiben K.** | Healthcare-Seeking Behavior About Malnutrition : A Study of Gujarat | **MANAGEMENT** HOSPITAL MANAGEMENT | **Dr. K. K. Patel** Dept. of Hospital Management, HNGU, Patan. |
| 12. | **Patel Jayeshkumar G.** | ઉત્તર ગુજરાતના બાળસાહિત્યકારો પૈકી નટવર પટેલ અને રમેશ ત્રિવેદીના બાળસાહિત્યનો અભ્યાસ | **ARTS** GUJARATI | **Dr. Sanket R. Parekh** D.N.P. Arts and Commerce College, Deesa. |
| 13. | **Patel Krimaben B.** | Applications of Elzaki Transform to the Problems of Fluid Dynamics of Porous Medium | **SCIENCE** MATHEMATICS | **Dr. Kamlesh A. Patel** Shri U.P. Arts, Smt. M.G. Panchal Science and Shri V.L. Shah Commerce College, Pilvai. |
| 14. | **Patel Kajal M.** | Exploring Effectiveness of Calf Muscle Fibers on the Performance of Sportman | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Chiragkumar A. Patel** Director of Physical Education, HNGU, Patan. |

# કૉલેજ ન્યુઝ

## વ્યાખ્યાન



✲ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝા ખાતે સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા તેમજ NCC યુનિટના સામૂહિક સહકારથી એસેમ્બલી હોલમાં 'વોકલ ફોર લોકલ' થીમ પર વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. આશાબેન પટેલ ગવર્મેન્ટ સાયન્સ કૉલેજના પ્રિ. ડૉ. જગદીશકુમાર પ્રજાપતિએ તેમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવાની તેમજ તેનો પ્રસાર–પ્રચાર કરવાની હાંકલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ કૉલેજના અધ્યાપક મિત્રો ડૉ. નવીનભાઈ પ્રજાપતિ, ડૉ. ડી. કે. પટેલ, ડૉ. મહેશ જાની, ડૉ. પ્રભાવંતી શેરઠિયા તેમજ ડૉ. વિશાલ પટેલના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.



✲ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઇ ખાતે સંસ્કૃત વિભાગ અને સપ્તધારા (જ્ઞાનધારા)ના સંયુક્ત ઉપક્રમે તા. ૩–૨–૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું મહત્વ સમજે તે હેતુથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો વિષય 'સંસ્કૃત સાહિત્યમાં વ્યવહાર અથવા વ્યવહારિક જીવન' રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના વક્તા તરીકે ડૉ. કોમલ ભટ્ટ, અધ્યાપિકાશ્રી, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદરથી ઉપસ્થિત રહ્યા હતા. ડૉ.કોમલ ભટ્ટે પોતાના વ્યાખ્યાનમાં સંસ્કૃત સાહિત્ય માત્ર ધાર્મિક કે દાર્શનિક નથી પરંતુ તે માનવજીવનના દૈનિક વ્યવહાર સાથે કેવી રીતે સંકળાયેલું છે તે સુંદર રીતે સમજાવ્યું હતું. તેમણે વેદ, ઉપનિષદ, મહાકાવ્યો, સ્મૃતિગ્રંથો તથા નીતિશાસ્ત્રમાંથી ઉદાહરણો આપી સંસ્કૃત સાહિત્યમાં દર્શાવાયેલા આચાર, વ્યવહાર, નૈતિકતા, સમાજિક સંબંધો અને માનવ મૂલ્યો પર પ્રકાશ પાડ્યો હતો. સાથે જ તેમણે આ મૂલ્યોની આજના આધુનિક જીવનમાં રહેલી ઉપયોગિતાને પણ સ્પષ્ટ કરી હતી. આ વ્યાખ્યાનમાં ૫૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તથા અંતમાં પ્રશ્નોત્તરી સત્ર દ્વારા પોતાના સંશયો દૂર કર્યા હતા.



✲ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઇમાં તા.૬–૨–૨૦૨૬ ના રોજ ઈતિહાસ વિભાગ, N.S.S. અને જ્ઞાનધારા અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'દેશી રાજ્યોના એકીકરણમાં સરદાર પટેલનું યોગદાન' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો વિશે માહિતગાર કરવાનો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ વિશે વ્યાખ્યાન આપવા સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરથી એસોસિએટ પ્રોફેસર ડૉ. નરેન્દ્ર પરમાર પધાર્યા હતા. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલના દેશ સેવાના કાર્યો વિશે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. ત્યારબાદ તેમણે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, કાર્યો અને દેશી રાજ્યોના એકીકરણમાં સરદાર પટેલના યોગદાન વિશે જ્ઞાનવર્ધક તથ્યો જણાવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પ્રા. દેવેન્દ્રભાઈએ સમગ્ર સ્ટાફના સહકારથી કર્યું હતું.



✲ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈ તા. ૧૨–૨–૨૦૨૬ના રોજ નાટ્યધારા અને ગુજરાતી વિભાગ અન્વયે 'સાહિત્ય અને સિનેમા' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સપ્તધારા અંતર્ગત નાટ્યધારા અન્વયે વિદ્યાર્થીઓના કલા અને કૌશલ્ય વિકસાવવા તથા સુષુપ્ત શક્તિ ખીલવવા ડૉ. કલ્પનાબેન મચ્છાર એ આગવી શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ સાહિત્ય અને સિનેમા વચ્ચેના સંબંધ વિવિધ ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યશ્રી ગાયત્રીબેન પટેલે આમંત્રિત તજજ્ઞશ્રીનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રેરિત કર્યા હતા. IQAC કો–ઓર્ડિનેટર પ્રા.સુનિલભાઈ પ્રજાપતિએ આભારવિધિ કરી હતી.



✻ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને અને ડૉ.સી. એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તા. ૧૧–૨–૨૦૨૬ના રોજ ગુજરાત સરકાર દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ની સકારાત્મક અસરો વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. વક્તાશ્રી દર્શકભાઈ ત્રિવેદી અને જયશ્રીબેન દેસાઈએ તેમના વ્યાખ્યાનમાં નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરવામાં આવેલ વિવિધ બાબતો જેવી કે વિકસિત ભારત ૨૦૪૭ નો વિચાર અને સંકલ્પ, ગ્રામ્ય વિકાસ, વિવિધ યોજનાઓ તેમજ આવકવેરા અંગે વિવિધ જાણકારી પ્રાપ્ત કરી હતી. આ કાર્યક્રમમાં લવિંગજી ઠાકોર, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, ભૂતપુર્વ વિદ્યાર્થીના પ્રમુખ કપિલભાઈ અખાણી વિવિધ કેમ્પસના આચાર્યની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.મહેશભાઈ કટેરિયા, પ્રા. નિકુંજભાઈ પ્રજાપતિ અને ડૉ. ગોપાલભાઈ ઠાકોર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## વર્કશોપ



✻ સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા.૩–૨–૨૦૨૬ ના રોજ POSH (Prevention of Sexual Harassment) અધિનિયમ, ૨૦૧૩ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુસર એક મહત્ત્વપૂર્ણ અને માર્ગદર્શક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ કાર્યસ્થળે, ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં, મહિલાઓની સુરક્ષા, સન્માન અને ગૌરવ જાળવવા માટેની કાયદાકીય જોગવાઈઓ અંગે અધ્યાપકો, સ્ટાફ તથા વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો હતો. વર્કશોપના મુખ્ય વક્તા આચાર્યશ્રી ડૉ. વી. ટી. રાવલે POSH અધિનિયમ, ૨૦૧૩ અંગે વિસ્તૃત અને સરળ ભાષામાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે POSH અધિનિયમના ઉદ્દેશો, કાર્યક્ષેત્ર, કામકાજની જગ્યાએ થતી લૈંગિક સતામણીના વિવિધ સ્વરૂપો, તેના ઉદાહરણો તેમજ આવા બનાવો સામે કાયદા દ્વારા આપવામાં આવેલી સુરક્ષા વિશે વિગતવાર સમજ આપી હતી. પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન ભાગ લેનારાઓએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા, જેના સ્પષ્ટ અને સંતોષકારક જવાબ મુખ્ય વક્તા દ્વારા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિષયના અધ્યાપક મુકેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.



✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુરમાં જ્વેલરી મેકિંગ વર્કશોપના બીજા દિવસે સચિવાલયમાં વર્ગ બે અધિકારી તરીકે સેવા આપતા શુચિબહેને વિદ્યાર્થિનીઓને મોતીના બ્રેસલેટ, થ્રેડ જ્વેલરી, બીડ જ્વેલરી તથા હેર એક્સેસરી બનાવતા શીખવ્યું હતું પરંપરાગત ઉત્સવો કે લગ્ન પ્રસંગમાં ટ્રેન્ડ પ્રમાણે તથા ડ્રેસને મેચિંગ સેટ બનાવતા તથા તેનું વેચાણ કરવા વિશેની માહિતી આપી હતી. આ વર્કશોપમાં કુલ ૫૦ વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી.



✻ શ્રી બી. પી.બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં કોમર્સ વિભાગ દ્વારા MBA વિભાગ ગણપત યુનિવર્સિટી ખાતે કોમર્સના વિષયો ફાઇનાન્સ, બેન્કિંગ, સ્ટોક માર્કેટ, બજેટ પર વર્કશોપ યોજાયો હતો. વર્કશોપની સાથે સૂર્યમંદિર મોઢેરા ખાતે ઐતિહાસિક સ્થળની મુલાકાત અંગે શૈક્ષણિક ટૂર કરવામાં આવી હતી. પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



✻ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી એલ.બી. ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરા તથા KCG ના સંયુક્ત ઉપક્રમે "One Nation One Election" વિષયક એક દિવસીય રાજ્યસ્તરીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ 'ટકાઉ વિકાસ માટે લોકશાહીને સુસંગત બનાવવું' થીમ હેઠળ યોજાયો હતો. આ વર્કશોપનો મુખ્ય હેતુ ભારતીય લોકશાહી પ્રણાલીને વધુ અસરકારક, ખર્ચસંચયી અને વિકાસ કેન્દ્રિત બનાવવાનો તેમજ વિદ્યાર્થીઓ અને

પ્રાધ્યાપકોમાં સમકાલીન ચૂંટણી પ્રણાલી, તેની આવશ્યકતા, લાભો અને પડકારો અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. પ્રિ.ડૉ. ડી.એસ. ચારણ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી વર્કશોપના ઉદ્દેશ્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા ડૉ. બિરેન એમ. પટેલે, ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.ટી. અને કમ્પ્યૂટર સાયન્સ, હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ 'વન નેશન–વન ઇલેક્શન' ની સંકલ્પના, તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને વહીવટી દ્રષ્ટિએ થતા લાભોની વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે એકસાથે ચૂંટણી યોજવાથી થતા ખર્ચમાં ઘટાડો, શાસનક્ષમતામાં વૃદ્ધિ અને નીતિનિર્ણયમાં સ્થિરતા જેવા મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. બીજા વક્તા તરીકે ડૉ. ચેતન એન. પ્રજાપતિ, સરકારી આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, સમીએ બંધારણીય અને કાનૂની પરિપ્રેક્ષ્યને સ્પષ્ટ કરતાં જરૂરી બંધારણીય સુધારા, કેન્દ્ર–રાજ્ય સહકાર અને લોકશાહી મૂલ્યોના સંરક્ષણ જેવા અગત્યના પાસાઓ પર વિશ્લેષણાત્મક રજૂઆત કરી. વિવિધ દેશોના ઉદાહરણો દ્વારા તેમણે ચર્ચાને વધુ તર્કસંગત અને રસપ્રદ બનાવી હતી. ત્યારબાદ ડૉ. ભરતભાઈ કાનાબાર, આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, રાધનપુરએ સામાજિક અને રાજકીય પ્રભાવ પર પ્રકાશ પાડ્યો હતો. મતદારોની ભાગીદારી, રાજકીય જાગૃતિ અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જેવા મુદ્દાઓ પર તેમણે માર્ગદર્શન આપ્યું હતું. પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન વિદ્યાર્થીઓ સાથે સક્રિય સંવાદ યોજાયો હતો.

## શિબિર



શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા અને સંસ્કૃત ભારતી ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત વિભાગ દ્વારા આયોજિત સંસ્કૃત સંભાષણ શિબિર તા. ૨૭ જાન્યુ.થી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન પ્રિ.ડૉ. ડી.એસ. ચારણની પ્રેરણા પ્રોત્સાહન અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. તા. ૭–૨–૨૦૨૬ ના રોજ સમાપનમાં વેદ, ઉપનિષદના મંત્રો અને શ્રીમદ ભગવદ્ ગીતાના શ્લોક ગાનથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો તથા બી.એ. અને એમ.એ. ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરના પ્રધાનાચાર્ય તરીકે ડૉ. આર.આર. રોહિતે ૧૦ દિવસ સુધી સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે તેમ જ જીવન વ્યવહારમાં સંસ્કૃત ભાષાનો કઈ રીતે પ્રયોગ કરી શકાય તેનું સરળ આકર્ષકશૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તથા પ્રવર્તમાન સમયમાં સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સમજાવતા તેમણે કહ્યું હતું કે સંસ્કૃત ભાષા કઠિન નથી પરંતુ અતિ સરળ અને મધુર ભાષા છે, દેવ ભાષા છે. ભારતીય જીવન અને અધ્યાત્મનો અમૂલ્ય વારસો છે. યુવાનો એ મૂલ્યનિષ્ઠ સંસ્કૃત ભાષા માત્ર શીખવાની નથી. આત્મસાત કરવાની છે.

## સ્પર્ધા



❊ શ્રી કલજીભાઈ આર. કટારા કૉલેજ, શામળાજીમાં તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ 'ગ્રીન એન્ડ ક્લીન કેમ્પસ કમિટી' અંતર્ગત સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ કૉલેજ કેમ્પસ સ્વચ્છ, હરિયાળું રાખે અને પર્યાવરણમિત્ર બનાવવા માટે સકારાત્મક સંદેશ મળે તે હતો. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિષય અનુરૂપ પોતાના વિચારોને સ્લોગન દ્વારા રજૂ કર્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો ડૉ. પરમજીત પનેસર, ડૉ. અંકિતા પટેલ તથા ડૉ. મયૂરી પાટિલ દ્વારા શ્રેષ્ઠ ત્રણ સ્લોગન પસંદ કરીને વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.



❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં સાયકોલોજી ડીપાર્ટમેન્ટ અને હેલ્થ એન્ડ હાઈજીન કમિટીના સયુંકત ઉપક્રમે તા. ૯–૨–૨૦૨૬ના રોજ 'મેન્ટલ હેલ્થઃ જાગૃતિ અને જરૂરિયાત' વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોવિજ્ઞાન વિભાગના વડા ડૉ. આશાબેન તડવીએ કર્યું હતું.



❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં સપ્તધારા પૈકી નાટ્યધારા અંતર્ગત એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન કર્યું હતું. પ્રિ.ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ સ્પર્ધામાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ.ઈલિયાસ મન્સુરી તેમજ ડૉ.વિશાલ પટેલે ભૂમિકા ભજવી હતી.



✲ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં સપ્તધારા અંતર્ગત રંગ કલા કૌશલ્યધારા દ્વારા પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ મહેંદી સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમા ૧૭ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સપ્તધારાના કન્વીનર ડૉ. મહેશભાઇ જાની અને ડૉ. પ્રીતિ પટેલે સફળ ભૂમિકા ભજવી હતી.

✲ મણિબેન એમ પી શાહ મહિલા આર્ટસ કૉલેજ કડીના ગુજરાતી વિભાગ અને IQAC દ્વારા 'સુલેખન સ્પર્ધા' તા. ૧૧–૨–૨૦૨૬ના રોજ રાખવામાં આવી હતી. જેમાં કુલ ૩૩ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં સારા સ્વચ્છ અક્ષરો લખવા તરફનો હકારાત્મક અભિગમ ઉજાગર કરવાનો પ્રયત્ન પ્રિ.ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા. હરસુખભાઈ પરમાર અને ડૉ. વર્ષાબેન બ્રહ્મભટ્ટના સંચાલનમાં પૂર્ણ થયો હતો.



✲ સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા. ૫–૨–૨૦૨૬ના રોજ ગુજરાતી માતૃભાષા પ્રત્યે વિદ્યાર્થીઓમાં ભાષાપ્રેમ, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ વિકસે તે હેતુથી 'પાસ પાસ વાર્તા' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું માર્ગદર્શન પ્રિ.ડૉ. વિષ્ણુપ્રસાદ રાવલ દ્વારા આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના સંયોજક તથા માર્ગદર્શક તરીકે ગુજરાતી વિષયના અધ્યાપક મુકેશભાઈ ચાવડાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓને પોતાના નામના અક્ષર પરથી શબ્દો રચવા અને ત્યારબાદ તે શબ્દોના આધાર પર સર્જનાત્મક વાર્તાનું નિર્માણ કરવાનું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલ્પનાશક્તિ, ભાષાજ્ઞાન અને વાર્તા લેખન કુશળતાનો સુંદર પરિચય આપ્યો. જેમાં પ્રથમ ક્રમાંક S.Y.B.A. ચૌધરી નિધીબેન, દ્વિતીય ક્રમાંક ઠાકોર સવિતાબેન અને તૃતીય ક્રમાંક રાઠોડ પીનલબા એમ કુલ ત્રણ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



✲ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં તા. ૪–૨–૨૦૨૬ના રોજ સપ્તાધારા અંતર્ગત 'ગીત–સંગીત–નૃત્યધારા' હેઠળ ગીત સ્પર્ધા અને નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. રાકેશ રાવના માર્ગદર્શનમાં યોજાયેલ આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ઈલિયાસ મન્સૂરી અને ડૉ. વિશાલ પટેલે ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અમૃત જાદવ, ડૉ. મહેશ જાની અને ડૉ. ભૂમિકા મિસ્ત્રીએ કર્યું હતું.

## સેમિનાર



✲ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના KCG ના અનુદાન અને સહયોગથી શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરાના IQAC વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮–૨–૨૦૨૬ના રોજ 'એક રાષ્ટ્ર એક ચૂંટણી ભારત માટે એકીકૃત ચૂંટણી અંગેનો દષ્ટિકોણ' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આમંત્રિત મુખ્ય મહેમાનોનું પુષ્પગુચ્છ, શાલ, પુસ્તક અને મોમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે જીતેન્દ્રકુમાર ધાણધારા એ દેશપ્રેમની લાગણી વ્યક્ત કરી સેમિનારને ખુલ્લો મૂક્યો હતો. એક રાષ્ટ્ર એક ચૂંટણીના બીજરૂપ વક્તા તરીકે ડૉ. કિશોરસિંહ સોલંકીએ એક રાષ્ટ્ર એક ચૂંટણીના બંધારણીય, રાજકીય અને લોકતંત્ર પર પડતા પ્રભાવ વિશે વિસ્તૃત માહિતી આપી તેની તરફેણ અને વિરુદ્ધ એમ બંને પાસા રજૂ કરી પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા. ડૉ. અવનીબેન આલ જેમણે હાલની ચૂંટણી વ્યવસ્થા અને તેની અર્થવ્યવસ્થા પર થતી અસરો, જો ચૂંટણી એક સાથે થાય તો રાષ્ટ્રને શું ફાયદો થશે, તથા આ પ્રસ્તાવ જો દેશમાં એકીકૃત ચૂંટણી વ્યવસ્થાઓ, વર્તમાનમાં થયેલા બંધારણ સુધારાઓ, એક રાષ્ટ્ર, એક ચૂંટણીના ફાયદા અને મર્યાદા, તેના પડકારો વિશે પોતાના ઊંડાણપૂર્વક વિચારો રજૂ કર્યા હતા. આ રીતે એક રાષ્ટ્ર એક ચૂંટણી વિષયક સેમિનાર જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી સાબિત થયો હતો. વિવિધ કૉલેજો અને ક્ષેત્રમાંથી

પધારેલ અધ્યાપકશ્રીઓ, રિસર્ચ સ્કોલર અને વિદ્યાર્થીઓના શોધપત્રનું વિગતપૂર્ણ વાંચન કરવામાં આવ્યું હતું.



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણા દ્વારા કે.સી.જી. અને શિક્ષણ વિભાગના સહયોગથી પ્રિ.ડૉ. જે. કે. પટેલ અને IQAC કો–ઓર્ડીનેટર ડૉ. અલ્પા જાનીના માર્ગદર્શન હેઠળ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. "Structured Pathways to Effective Research and Project Writing" વિષયના પ્રથમ ટેકનિકલ સત્ર ડૉ. ભાવિન પંડ્યા દ્વારા અને દ્વિતીય ટેકનિકલ સત્ર ડૉ.નીરવ હળવદિયા દ્વારા આપવામાં આવ્યું હતું. સેમિનારમાં ૧૪ રાજ્યના, ૨૪ અલગ વિસ્તારના ૫૮૬ લોકો ઓન લાઈન અને ઓફ લાઈન ધોરણે સહભાગી થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રિસર્ચ કો–ઓર્ડીનેટર ડૉ. જયશ્રી દત્તા, રિસર્ચ કમિટી મેમ્બર ડૉ. હર્ષા ડાંગર અને ડૉ. કિર્તન રાવલ દ્વારા કરવામાં આવ્યું હતુ.



❊ સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ગાંભોઈ ખાતે તા. ૧૦–૨–૨૦૨૬ના રોજ ગ્રંથાલય વિભાગ દ્વારા "How to Access E-Resources under One Nation One Subscription (ONOS)" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ ડિજિટલ શૈક્ષણિક સામગ્રી વિશે માહિતગાર કરવાનો અને તેનો અસરકારક ઉપયોગ શીખવવાનો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથપાલ ડૉ. એમ.આઈ. ચૌહાણ દ્વારા વિગતવાર પ્રસ્તુતિ આપવામાં આવી. ONOS યોજનાનો પરિચય આપતા જણાવ્યું કે આ યોજના હેઠળ દેશભરના શૈક્ષણિક સંસ્થાઓને પ્રીમિયમ ઈ–જર્નલ્સ, ઈ–બુક્સ અને સંશોધન ડેટાબેસનો ઍકસરખો ઍક્સેસ ફીમાં મળી શકે છે. તેમણે ખાસ કરીને INFLIBNET દ્વારા પ્રદાન કરવામાં આવતા ડિજિટલ પ્લેટફોર્મ અને તેની સુવિધાઓ સમજાવી હતી. ONOS યોજનાનો હેતુ અને મહત્ત્વ, વિદ્યાર્થીઓ દ્વારા લોગ–ઇન કરવાની પ્રક્રિયા, ઇ–જર્નલ્સ અને ઇ–બુક્સ શોધવાની રીત, લેખ ડાઉનલોડ કરવાની પ્રક્રિયા અને સંશોધન અને અભ્યાસમાં ઇ–સ્રોતોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની ઊંડી સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને લાઈવ ડેમો દ્વારા વેબસાઇટ પર જઈને સર્ચ, ફિલ્ટર અને ડાઉનલોડ કરવાની પદ્ધતિ બતાવવામાં આવી. અધ્યાપકો માટે સંશોધન કાર્યમાં આ સ્ત્રોતો કેટલા ઉપયોગી છે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે N.S.S. વિભાગ દ્વારા તા. ૧૮–૨–૨૬ના રોજ વિદ્યાર્થિનીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા માટે 'રોડ સેફ્ટી અવેરનેસ પ્રોગ્રામ' અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે કડી પોલીસ સ્ટેશનમાંથી પધારેલ ગ્રામ રક્ષક દળ (G.R.D.)ના જલ્પાબેન ગોસ્વામી હાજર રહ્યા હતા. તેમણે માર્ગ સલામતીના નિયમો, ટ્રાફિક કાયદા, હેલ્મેટ અને સીટબેલ્ટનું મહત્ત્વ, તેમજ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાથી થતા અકસ્માતોના ભયાનક પરિણામો વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. વક્તાશ્રીએ માત્ર વ્યાખ્યાન પૂરતું મર્યાદિત ન રાખતા પ્રેક્ટિકલ માર્ગદર્શન પણ આપ્યું હતું. વિદ્યાર્થીનીઓને ટ્રાફિક સંકેતો, રસ્તા પર ચાલવાની યોગ્ય રીત, ઝેબ્રા ક્રોસિંગનો ઉપયોગ, તેમજ અકસ્માત સમયે પ્રાથમિક સહાય કેવી રીતે આપવી તેની પ્રાયોગિક સમજણ આપવામાં આવી હતી.




❊ એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર દ્વારા વર્તમાન સમયમાં જ્યારે સમગ્ર વિશ્વ ડિજિટલ ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે તેની સાથે જોડાયેલા જોખમો અને સાયબર ગુનાઓથી યુવા પેઢીને સુરક્ષિત કરવાના હેતુથી મહત્ત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગણપત યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર અને સાયબર સિક્યુરિટી નિષ્ણાત પ્રો. મિલન જોશીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને ઓનલાઈન ફ્રોડ, સોશિયલ મીડિયા સેફ્ટી અને નાણાકીય છેતરપિંડીથી બચવા માટેના પ્રેક્ટીકલ ઉપાયોની વિસ્તૃત સમજ આપી હતી. પ્રિ.ડૉ. આર. બી. પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. શ્રવણકુમાર ખારાણી અને પ્રો. કુલદીપ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વક્તાએ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અને

ડિજિટલ સુરક્ષાના નિયમો વિશે જાણકારી આપી વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા.



❊ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈમાં તા.૧૩–૨–૨૦૨૬ના રોજ ઈનોવેશન કલબ અંતર્ગત "Intellectual Property Rights (IPR)"" શીર્ષક અન્વયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ કરી શકે તેવા હેતુથી હિંમતનગર એચ.એન.એસ.બી. સાયન્સ કૉલેજના પ્રોફેસર ડૉ. સંદીપ વ્યાસ ઉપસ્થિત રહી ઈનોવેશન અંગે પ્રાથમિક સમજ આપી સરકારશ્રીની વિવિધ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ યોજનાઓ વિશે જાણકારી આપી હતી. વિષય નિષ્ણાત દ્વારા પોતાના સેશનમાં પેટન્ટ, કોપીરાઈટ્સ, ટ્રેડમાર્ક્સ અને નવીનતાઓના રક્ષણના મહત્ત્વ સહિત બૌદ્ધિક સંપદા અધિકારોના મૂળભૂત અને વ્યવહારુ પાસાઓ પર ખૂબ જ માહિતીપ્રદ અને પ્રેરણાદાયક જાણકારી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન ઈનોવેશન કલબના કો–ઓર્ડીનેટર પ્રા. દેવેન્દ્રકુમાર ચૌધરી દ્વારા સમગ્ર સ્ટાફના સહકારથી કરવામાં આવ્યું હતું.



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટસ એન્ડ એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ થરાના IQAC વિભાગ હેઠળ ઉદીસા અંતર્ગત તા. ૨૭–૧–૨૦૨૬ ના રોજ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ અને કારકિર્દી અંગે યોગ્ય દિશા મળી રહે તે હેતુથી કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. પ્રિ.ડૉ. ડી.એસ. ચારણ દ્વારા ઉપસ્થિત વક્તાઓનું શાબ્દિક સ્વાગત કરી વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ થયા પછી ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક પ્રવાહો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ઉચ્ચ અભ્યાસની તકો તેમજ નોકરીલક્ષી કોર્સની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. એસ. વી. કૉલેજ ઓફ એજ્યુકેશન અને સુરજબા કૉલેજ ઓફ એજ્યુકેશનમાંથી પધારેલ અનુભવી કારકિર્દી માર્ગદર્શક તથા નિષ્ણાત વક્તાઓની ટીમ ડૉ. મનીષાબેન જાદવ, ડૉ. ગાયત્રીબેન ગમાર, પ્રા.જયેશ પટેલ, પ્રા.ઉમંગભાઈ પટેલે વિદ્યાર્થીઓને વિવિધ કારકિર્દી વિકલ્પો, વર્તમાન સ્પર્ધાત્મક યુગમાં જરૂરી કૌશલ્યો, પ્રવેશ પરીક્ષાઓ, અભ્યાસની તકો તેમજ ભવિષ્યની રોજગાર સંભાવનાઓ અંગે માહિતી સભર તજજ્ઞીય વ્યાખ્યાન આપેલ હતું. સાથે સાથે વિદ્યાર્થીઓના પ્રશ્નોના યોગ્ય અને માર્ગદર્શક જવાબો આપવામાં આવ્યા હતા.



❊ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈમાં તા. ૭–૧–૨૦૨૬ના રોજ ઈનોવેશન કલબ અંતર્ગત ‘Problem Solving and Ideation’ શીર્ષક અન્વયે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ કરી શકે તેવા હેતુથી સૌપ્રથમ ઈનોવેશન કો–ઓર્ડીનેટર પ્રા. દેવેન્દ્રકુમાર ચૌધરીએ ઈનોવેશન અંગે પ્રાથમિક સમજ આપી અને સરકારશ્રીની વિવિધ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ યોજના વિશે જાણકારી આપી હતી. વિષય નિષ્ણાત ડૉ. આશિષ દેસાઈએ ઈનોવેશન કઈ રીતે કરી શકાય તે બાબતે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. વિવિધ સમસ્યાઓ અને તેના ઉકેલ અન્વયે ઈનોવેશનમાં કઈ રીતે આગળ વધી શકાય તેની જાણકારી આપી હતી. ત્યારબાદ ડૉ. હેમંત ખરાડીએ આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

## સબરસ

પત્ની : કહું છું સાંભળો છો? લગ્નમાં છોકરાને જમણી અને છોકરીને હંમેશા ડાબી બાજુ કેમ બેસાડાય છે?

પતિ : અરે વ્હાલી નફા–નુકસાનના ખાતામાં આવક જમણી અને જાવક ડાબી બાજુ જ લખાય છે!


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor :** Dr. Rajanikant Patel (University Librarian)

Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–